ગાંધીનગર સમાચાર

તા. ૫-૧૦-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### ટોળાશાહીનો કરૂણ અંજામ

ચંદ્રગુપ્ત અને ચાણક્યથી લઈ સ્કંદગુપ્ત-સમુદ્રગુપ્ત અને પ્રિયદર્શી સમ્રાટ અશોકનું વૈભવશાલી પાટલીપુત્ર એ જ આજના બિહારનું પાટનગર પટણા. દેશનાં મોટાં શહેરોમાં એની ગણતરી થાય છે. ગંગાના કિનારે વસેલા અને વિકસેલા આ નગરે એના પ્રલંબ જીવનપટ દરમિયાન ઘણી લીલીસૂકી જોઈ છે. બિહાર કયારેક દેશના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રદેશ તરીકેની વૈશ્વિક ઓળખ ધરાવતું હતું. પતનની પરાકાષ્ઠા તો જુઓ એ જ બિહાર આજે દેશનાં પછાત અને ગરીબ રાજયોમાં શિરમોર ગણાય છે. દશેરાની સાંજે રાવણ દહનના કાર્યક્રમો તો આખા દેશમાં ઠેરઠેર યોજાય છે. બિહારમાં આવા કાર્યક્રમનું આયોજન પણ એવું નબળું રહે છે કે રાવણની સાથે જ તેત્રીસ નરબલિ ચડી જાય છે. પટણા જેવા પાટનગરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ આ વિજયોત્સવની વ્યવસ્થા ખોરવાતાં સેંકડો લોકો ઘાયલ થયાં અને પાંત્રીસ વ્યક્તિઓને જાન ગુમાવવો પડ્યો છે. મોટી સંખ્યામાં ઊમટતી ભીડ જોઈને નેતાઓ રાજી થતા હોય છે પરંતુ એમના યોગક્ષેમની જવાબદારી પણ તંત્ર સ્વીકારે તે જરૂરી છે. સામાન્ય રીતે પટણા હોય કે દિલ્હી - પ્રજા તો હાંસિયે જ મુકાતી રહી છે અને તંત્ર વીઆઈપીની આસપાસ ગરબા ગાતું રહે છે. તંત્રની આ નઘરોળ બેદરકારી અને બેજવાબદારીનાં એકથી એક ચડિયાતાં અને કમકમાટી ઊપજાવે એવાં દૃષ્ટાંતો આપણે કુંભમેળાથી લઈ દશેરાના ઉત્સવોમાં અને પૂનમિયા ભગતોનાં ટોળામાં કે કાવડિયાઓનાં સંઘમાં જોતા આવ્યા છીએ. દર વખતે ઘટના બની ગયા પછી થોડા દિવસ પોલીસ અને વહીવટી તંત્ર થોડા સાબદાં બને છે, પરંતુ લોકોની યાદદાસ્ત ઘણી ટૂંકી હોય છે એમ તંત્રને પણ એની મૂળ સ્થિતિમાં આવતા વાર નથી લાગતી. આ જ પટણાના ગાંધી મેદાનમાં યોજાયેલી નરેન્દ્ર મોદીની પ્રચારસભામાં સિરીયલ બોમ્બ ધડાકા થયા હતા. પટણાની પ્રજા એ શહેરી પ્રજા છે છતાં એને આવા કાર્યક્રમો જોવાની ભારે ઘેલછા રહે છે. કદાચ અમદાવાદ-વડોદરાની પ્રજામાં આ પ્રકારની ઘેલછા પ્રમાણમાં ઘણી ઓછી છે. આવી કરૂણ માનવસર્જિત આફત માટે આપણે કોને જવાબદાર ઠેરવીશું? મુખ્યમંત્રી જીતનરામ માંઝી રાવણ દહન પતાવીને વીઆઈપી ગેટથી નીકળી રહ્યા હતા ત્યારે પ્રજા માટે આવડા મોટા મેદાનમાં ફક્ત એક જ દરવાજો હતો જયાંથી આખું ટોળું ધક્કામુક્કી કરતું બહાર નીકળવાની કોશિશ કરતું હતું. પોલીસતંત્ર તો એમના મુખ્યમંત્રીને સાચવવામાં પડ્યું હતું. કોઈએ જીવતો હાઈટેન્શન વીજળીનો તાર પડ્યો હોવાની અફવા ઉડાડી ત્યાં ટોળું બેકાબૂ બની ગયું અને જીવન બચાવવા નાસભાગ કરવા લાગ્યું. લોકો એકબીજાની ઉપર થઈને બહાર નીકળવા લાગ્યા, એથી જે પડી ગયા એ ગયા. માણસની સ્વાર્થ વૃત્તિનું આ વરવું ઉદાહરણ છે. નીચે પડી ગયેલાને બેઠું કરવા જેટલી નવરાશ એની પાસે નથી. રાવણ દહન નિહાળવા કલાકોના કલાકો બગાડનાર પટણાવાસીઓએ મિનિટોમાં જ પોતાનાં પાંત્રીસ સ્વજનોનો ભોગ લીધો અને સેંકડોને મરણતોલ ઘાયલ કરી દીધા. આવી ઘટનાઓનું પુનરાવર્તન સતત થતું જ રહે છે. જરૂર છે જાહેર કાર્યક્રમોનું સરખું સમાયોજન કરવાની અને લોકમાનસને આફળવેળાએ ધૈર્ય રાખવા માટે તૈયાર કરવાની. વળતર ચૂકવી દેવાથી બધું પતી જતું નથી, એનો રાજકીય ફાયદો ઉઠાવવાની કોશિશ કરવી એ તો સવાઈ ક્રૂરતા છે. આવી ઘટના ફરી ન બને એ માટે સરકારે અને પ્રજાએ - ઉભય પક્ષે જાગૃતિ દાખવવી જ રહી. જવાબદાર તંત્રવાહકો અને પોલીસ અધિકારીઓએ નમૂના રૂપ સજા થાય તે જરૂરી છે. પટણાની ઘટના ભારતીય લોકશાહી હજી ટોળાશાહીનો જ પર્યાય છે, એવું નથી સૂચવતી શું?

# વિજયા દશમીના રોજ મહારાષ્ટ્ર સમાજ ખાતે સ્નેહમિલન યોજાયું



ગાંધીનગર, તા. ૪

મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર ખાતે પ્રતિવર્ષની જેમ વિજયા દશમીની ઉત્સાહભર્યા વાતાવરણમાં ઉજવણી થઈ. ધોરણ એકથી લઈ કોલેજ સુધીના તેજસ્વી તારલાઓને પારિતોષિક આપીને સન્માનિત કરાયાં હતા.

આ પ્રસંગે મુખ્ય આમંત્રિત નારાયલ ભોઈટે અધ્યક્ષ મહારાષ્ટ્ર સમાજ-અમદાવાદ અને નરેન્દ્ર ગોળવેલકર, ટ્રસ્ટી અમદાવાદ મહારાષ્ટ્ર સમાજ ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં જુહી કિરીટ કાંબળે, રીતુ શાહ અને માનવ કાંબળેએ નૃત્ય રજુ કર્યા હતા.

શૈક્ષણિક વર્ષ દરમિયાન ઝળહળતી સફળતા મેળવનાર સૌને મહેમાનો તેમજ મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરનાં હોદ્દેદારો બાલારામ ખાંધારે, અસુલ કરમરકર, સોમનાથ ખાંધારેના હસ્તે ઈનામો આપી સન્માનિત કરાયા. ધોરણ-૧૨ માં વિશેષ ઉપલબ્ધી માટે સ્વપ્રીલ નાફડે, રિદ્ધી થોરાત અને કરાટેમાં નેશનલમેડલ માટે મંથન કાંબળેની વિશેષ નોંધ લેવાઈ.

આ પ્રસંગે ટીવી સિરીયલના કલાકાર અને અમદાવાદના પ્રસિદ્ધ જાદૂગર નિલેશકુમારે જાદુના વિવિધ હેરતભર્યા ખેલથી સૌને ખુશ કરી દીધાં હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંતોષ મૂળે, ચંદ્રકાન્ત કાંબળે, સંદીપ પાંગે, પ્રકાશ વિચારે, પ્રકાશ ધોળે, કિરીટ કાંબળે, ભીમરાવ કદમ, સૂર્યકાન્ત બાગવે, આશિષ દૂર્વે, જીતેન્દ્ર વાઘ અને અન્યોએ ખૂબ મહેનત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપાધ્યક્ષ સંજય થોરાતે કર્યું હતું. જયારે આભારવિધિ ચંદ્રકાન્ત કાંબળેએ કરી હતી. રવિવારે સમાજના બાળકો માટે ચિત્રસ્પર્ધા અને બહેનો માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ બંને કાર્યક્રમમાં ભાગ લઈ મેગા ઈનામ જીતવા સમાજના પ્રમુખ સોમનાથ ખાંધારેએ સૌને અનુરોધ કર્યો છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલને વિવિધ એવોર્ડ પ્રાપ્ત થયા

ગાંધીનગર, તા. ૪

પર્સનાલીટી ડેવલપમેન્ટ એકેડમી ઔરંગાબાદ દ્વારા યોજાયેલી નેશનલ લેવલ ડ્રોઈંગ એન્ડહેન્ડ રાઈટીંગ કોમ્પીટીશન-૨૦૧૪ ની સ્પર્ધામાં રાંધેજા ખાતે આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ધો. ૪ માં ભણતા વિદ્યાર્થી હરપાલસિંહ ચાવડાને કલાશ્રી એવોર્ડ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત આ શાળાના બંને કલા શિક્ષકો દમયંતી ગોસ્વામી અને વિજયતા મોહિતેને બેસ્ટ ટીચરનો અને શાળાના આચાર્યા ડો. રંજનબેન વૈદ્યને 'આઈડીયલ પ્રિન્સીપાલ'નો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

આ સાથે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલને પણ બેસ્ટ સ્કૂલનો એવોર્ડ મળ્યો હતો જેના કારણે સમગ્ર શાળા પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. આ સ્પર્ધામાં શાળાના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમને એકેડેમી દ્વારા પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. તમામ વિદ્યાર્થીઓને આચાર્યા ડો. રંજનબેન વૈદ્ય, ઉપ-આચાર્યા ક્રિના ક્રિશ્ચિયન અને કર્મચારીગણે અભિનંદન પાઠવ્યા હતા.

## ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો સોફ્ટબોલ સ્પર્ધામાં સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત યુનિ. સાઉથઝોન ઈન્ટર કોલેજ સોફ્ટબોલ સ્પર્ધા તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ ખંભાતના યજમાન પદે યોજાઈ. આ સ્પર્ધામાં જુદી જુદી કોલેજની બહેનોની ટીમોએ ભાગ લીધો હતો. ચૌધરી કોલેજની ટીમે સમગ્ર સ્પર્ધામાં સુંદર દેખાવ કરીને રનર્સઅપ બની હતી અને કોલેજને ગૌરવ અપાવેલ છે.

આ ટીમમાં કેપ્ટન ચૌધરી લક્ષ્મી, પટેલ ગીતા, રાવત રીના, સંગાડા હેતલ, ચૌધરી આશા, ચૌધરી વર્ષા,. શાહુ રમીલા, ચૌધરી મમતા, ચૌધરી વિનિશા, ચૌધરી હંસા, ચૌધરી મંજુલા અને ચૌધરી વિમળાએ ભાગ લીધો હતો.

સમગ્ર ટીમના ખેલાડી બહેનોને કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન સી. ચૌધરી અને સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




ચળિયા ચોળી, જલેબી, રાવણ દેખાય છે.. અને કાનમાં સનેડો સનેડો એવા અવાજ આવે છે... તે નોર્મલ છે.. ચિંતા કરવાની જરૂર નથી... નવરાત્રી પછી ઘણાને આવું થાય છે...!!

## સેક્ટર-૨૪ની વિવેકાનંદ શાળામાં રાવણ દહન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

સેક્ટર-૨૪ સ્થિત સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલમાં વ્યસનરૂપી રાવણના દહનનો કાર્યક્રમ અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સ્વામી વિવેકાનંદ યુવક મંડળના ઉપક્રમે યોજાયેલા આ વિશેષ કાર્યક્રમમાં અનેક લોકો હાજર રહી પ્રસંગને દિપાવ્યો હતો.

સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલમાં યોજાયેલા રાવણદહન પ્રસંગને ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલે પ્રારંભ કર્યો હતો. વ્યસનરૂપી રાવણને ભડભડ બળતો જોઈ હાજર જન મેદનીમાં હર્ષોલ્લાસનું મોજુ ફરી વળ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલે 'કોમી એખલાશ' વિચારના ફેલાવા સંદર્ભે સહી ઝુંબેશ શરૂ કરી હતી. આર.એસ.એસ.ના પ્રવિણભાઈ પટેલ, બાબુભાઈ ચૌધરી તથા મહેમાન તરીકે તરૂણ બારોટ, કેતન પટેલ અને રાજેશ પંચોલી હાજર રહ્યા હતા. જાગૃતિ મહેતાએ પ્રસંગોચિત સંસ્થાની વિગતો આપી હતી જયારે આરએસએસના પ્રવિણભાઈ પટેલે પ્રાસંગીક ઉદ્બોધન કર્યું હતું.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં નિધન પામેલા ઋતુપર્ણો ઘોષ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?

➜ **ફિલ્મ નિર્દેશક ક્ષેત્રે**

૨. ૨૦૧૩માં ઉત્તરાખંડની કઈ બે જોડિયા બહેનો એ માઉન્ટ એવરેસ્ટ સર કરી નવો ઈતિહાસ રચ્યો છે?

➜ **તાશી અને નેન્શી**

૩. ૨૦૧૩માં મેજર ધ્યાનચંદ એવોર્ડ કયા ભારતીય ક્રિકેટરને આપવામાં આવ્યો હતો?

➜ **સુનિલ ગાવસ્કર**

૪. ૨૦૧૩માં કઈ મહિલાને મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડનો ખિતાબ આપવામાં આવ્યો હતો?

➜ **નેહલ ભોગાયતા**

૫. ફૂટબોલ વિશ્વકપમાં વિજેતા ટીમે અર્જેન્ટીનાને કેટલા ગોલથી હરાવ્યું હતું?

➜ **૧-૦ (એક)**

૬. ૨૦૧૪માં કેટલામી કોમનવેલ્થ ગેમ્સ યોજાઈ હતી?

➜ **૨૦મી**

૭. ૨૦૧૪માં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં કુલ કેટલા દેશોના રમતવીરોએ ભાગ લીધો હતો?

➜ **૭૧ દેશ**

૮. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સનો ઉદ્ઘાટન સમારોહ કયાં સ્ટેડિયમમાં યોજાયો હતો?

➜ **સેલ્ટિક પાર્ક (ગ્લાસગો)**

૯. ૨૦૧૪માં આયોજીત કોમનવેલ્થ ગેમ્સ કેટલા દિવસ ચાલ્યો હતો?

➜ **૧૧ દિવસ**

૧૦. ૨૦૧૪માં અમદાવાદ ખાતે કેટલામો નેશનલ બુક ફેર યોજાયો હતો?

➜ **ત્રીજો**

૧૧. ૨૦૧૪માં ગુજરાતનાં કયા સ્થળે રાષ્ટ્રીય ગણિત મહોત્સવ યોજાયો હતો?

➜ **રાજકોટ**

૧૨. ૨૦૧૪માં જાણીતી અમૂલ ડેરીને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?

➜ **ગ્રીન ગર્વનસ એવોર્ડ**

૧૩. હાલ ગુજરાત વિધાનસભામાં ચુંટાયેલા ધારાસભ્યોની સંખ્યા કેટલી છે?

➜ **૧૭૩**

૧૪. ૨૦૧૪માં મુંબઈમાં કયો ફિલ્મ મહોત્સવ ઉજવાયો?

➜ **મુંબઇ વુમન્સ ઇન્ટરનેશનલ ફિલ્મ મહોત્સવ**

૧૫. હાલ ગુજરાત વિધાનસભામાં ભાજપ પક્ષના ધારાસભ્યની સંખ્યા કેટલી છે?

➜ **૧૨૩**

૧૬. રાષ્ટ્રીય રબર પોલિસી માટે બનાવવામાં આવેલી સમિતિનાં અધ્યક્ષ કોણ છે?

➜ **રજની રંજન રશ્મી**

૧૭. ૨૦૧૪માં કયા રાજયની વિધાન સભામાં સર્વશ્રેષ્ઠ ટેકનોલોજી ધરાવતી ડિઝીટીલ કોંગ્રેસ નેટવર્ક સિસ્ટમ લગાવવામાં આવી છે?

➜ **રાજસ્થાન**

૧૮. અરૂપ રાહા વાયુદળના કેટલામાં વડા બન્યા?

➜ **૨૪**

૧૯. ૨૦૧૪માં એશિયાઇ વિકાસ બેંકના અધ્યક્ષ સ્થાને કઈ ભારતીય મહિલાને નિમણૂંક કરવામાં આવી છે?

➜ **લક્ષ્મી સ્વામિનાથન**

૨૦. ૨૦૧૪માં દેશના કયા રાજયમાં પ્રસિદ્ધ મરુમહોત્સવ યોજાયો હતો?

➜ **રાજસ્થાન**

# નજર મે ખ્વાબોંકી બીજલીયા લે કે ચલ રહે હો, ...તો જીંદા હો તુમ...!!!

ભારતના દુર પહાડી વિસ્તારનું ગામ....માતા પિતા ઓલમોસ્ટ ખેતમજૂર...ને એ પોતે પણ બાળપણથી જ ખેતમજુરીનું જ કામ કરે . આર્થિક સંકડામણ ટાળવા સ્પોર્ટ્સને કેરિયર બનાવવાનું નક્કી કર્યું.....દોડ, જવેલીન થ્રો થી શરુ કરેલી સ્પોર્ટ્સ કેરિયરને વળાંક ત્યારે મળ્યો જયારે એણે બોક્શર બનવાનું નક્કી કર્યુ - મહિલા બોક્શર...પુરુષોના ક્ષેત્રમાં એક સ્ત્રી ? પિતાના સખ્ત વિરોધ વચ્ચે અને શરૂઆતી એકાદ વર્ષની નિષ્ફળતા પછી એણે હાર માનવાને બદલે એક પછી એક ઈતિહાસ સર્જક દેખાવો કર્યા અને આ લખાય છે ત્યારે એશિયાડમાં પણ ૫૧ કિલો વર્ગમાં ગોલ્ડ જીતીને એશિયાડના ઈતિહાસમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બોક્શર બની ગઈ. આટલું વાચ્યા પછી જાણી જ ગયા હશો કે વાત મેગ્નીફીશ્યન્ટ બોક્શર મેરી કોમની થઈ રહી છે

વાત અહી મેરી કોમની જીવનકથા લખવાની નથી પણ એણે પોતાની આંખમાં આંજેલા ચેમ્પિયન બનવાના ખ્વાબને સદાય જીવતું રાખ્યું - ચમકતું રાખ્યું એની છે. સચિન તેન્ડુલકરે ૧૬ વર્ષે પાકિસ્તાનની ધરતી પરથી ક્રિકેટજગતમાં પગ મુક્યો ત્યારથી લાગલગાટ ૧૨ વર્ષો સુધી એને ઈજા શું ચીજ છે એ જ ખબર નહોતી, એ તો બસ દે ધનાધન રનની વણજાર ખડકતો જતો હતો ને ટોચના સ્થાને પહોચી જ ગયેલો પણ ૨૦૦૧માં ઝીમ્બાબ્વેમાં પગની પાનીની ઈજાને લીધે સચિન ૧૨ વર્ષે પહેલી વાર કોઈ ટેસ્ટ મેચ રમવાનું ચુક્યો ને પછી સચિન બોલ પર આક્રમણ કરતો એ જ ઝડપે ઈજાઓએ સચિન પર આક્રમણ કરવાનું ચાલુ કર્યું. એક તબક્કો તો એવો આવ્યો કે ક્રિકેટ પંડિતોએ સચિનની કેરિયર ખત્મ થઈ ગઈ છે એવું પણ ભાખી દીધેલું પણ આ તો સચિન હતો કે જે આંખમાં ક્રિકેટનું સપનું આંજીને જ જીવતો હતો, કે જેની હર એક પળ, હર એક ધડકનમાં ક્રિકેટનું જ નામ ગુંજતું હતું એ એમ કાઈ થોડો એના સપના ને મરવા દે? ડોકટરો, મિત્રો અને ચાહકોના પ્રેમની સાથે સાથે અથાગ પરિશ્રમથી એણે ઈજાઓ પર કાબુ મેળવ્યો અને અંતે આંખમાં સજાવેલા સપનાને મૂર્તિમંત કરીને જ ભવ્ય અને ઈતિહાસ માં સદાય અંકિત રહે એવી વિદાઈ લીધી.

અને સફળતા તો કોઈ ચાંદી ની તાસકમાં રાખેલું મીઠું પાન થોડું છે કે આ ઉપાડ્યું ને મુક્યું મો માં. સફળતાની સાચી શરૂઆત છે સપનું , એક ખ્વાબ , ઈક ખ્વાહીશ. વોલ્ટ ડિજની એ સરસ કહ્યું છે કે જો તમે સપનું જોઈ શકશો , તો તમે એને સિદ્ધ કરી શકશો. મજાની વાત એ છે કે આ એ જ વોલ્ટ ડીઝની છે કે જેના ભેજાની ઉપજ એવા નવીનતાવાળા થીમ પાર્ક આજે દુનિયાભરમાં પ્રખ્યાત છે પણ આવા કલ્પનાશીલ અને સ્વપ્નદ્રષ્ટ ડીઝનીને એની શરૂઆતની કેરિયરમાં એક ન્યુઝપેપરે એમ કહી ને કાઢી મુકેલો કે તારામાં નવીનતાનો અભાવ છે અને તારી પાસે કોઈ નવા વિચારો જ નથી બિચારો ન્યુઝપેપરનો એડિટર ડીઝનીની આંખમાં ચમકતા ખ્વાબોને વાંચી નહિ શક્યો હોય..!!! પણ ડીઝનીએ હાર માનવાને બદલે પોતાના સપનાઓ પર વિશ્વાસ રાખવાનું વધુ મુનાસીબ માન્યું. બે-ચાર આમ તેમ કરેલા ધંધાઓ અને એ ધંધાઓમાં પણ ખાધેલા નુકશાનીના માર પછી શરુ થઈ વોલ્ટ ડીઝનીની અત્યારની અજાયબ શ્રુષ્ટિ અને રેસ્ટ ઈઝ હિસ્ટ્રી..!!! કોઈ પણ સફળ વ્યક્તિનો બાયોડેટા જોઈ લેજો , સો એ એકાદ ટકો માંડ એવા હશે કે જેને સફળતા ચાંદીની તાસકમાં મળી હશે બાકી ના ૯૯ % તો આંખમાં ઉછરેલા સપનાઓને પુરા કરવાની જીદ માં જ સફળ થયા હોય છે.

નમસ્કાર દેવીયો ઓર સજ્જનો નો અવાજ કાનમાં પડતા જ બંધ આખે પણ બચ્ચન એમ બોલાય જવાય છે એ મીલેનીયમ મેગાસ્ટારના આ જ અવાજને ઓલઈન્ડિયા રેડીઓએ એમ કહીને રીજેક્ટ કરી દીધેલો કે એનાઉન્સર માટે આ અવાજ ફીટ નથી થતો., અરે ખાલી ઓલ ઈન્ડિયા રેડીઓ જ શું કામ પણ માયાવી બોલીવુડમાં લગાતાર ૭ ફ્લોપ ફિલ્મો પછી એને લાગેલું કે ફિલ્મોમાં એક્ટિંગ કરવાનું સપનું આંખમાં આંજીને કલકત્તાથી મુંબઈ આવવાનો એનો નિર્ણય ખોટો હતો કે શું ? આનદ જેવી સફળ ફિલ્મ (કે જેમાં એની પહેલી વાર નોંધ લેવાયેલી છતાં જેની સફળતાની ક્રેડીટ તો રાજેષ ખન્નાને જ મળેલી) સહીત ૧૨ જેવી ફ્લોપ કહી શકાય એવી ફિલ્મો પછી ઝંઝીરથી એનું સપનું પૂરું થયું.પણ એણે પોતાના આ સપનાને પુરા કરવા પ્રોડ્યુસરોના દરવાજે ઉભા રહીને કટુવચનો સાંભળવા સહીત એની પોતાની જાત પર થઈ રહેલી મજાકો સુધ્ધા સહન કરી પણ સપનું અને એને સાકાર કર્યા વગર દમ નાં લીધો અને એ પણ કેવો? કે એ પછી એણે આજ સુધી પાછું વાળીને નથી જોયું ઈવન એક સમય એવો પણ આવ્યો કે.એની લગાતાર ફિલ્મો ફ્લોપ જવા છતાં અને આર્થિક - સામાજિક તકલીફો છતાં ફીનીક્ષ પક્ષીની જેમ રાખમાંથી બેઠું થઈને એણે



**રઝળપાટ**

**અજય ઉપાધ્યાય**

akurjt@gmail.com

પુરવાર કર્યુ કે સપનું જોવું જરૂરી નથી પણ એને પૂરું કરવા અથવા તો સપનાઓને એક્શટેન્ડ કરતા રહેવા માટે પણ એક સપના પછી બીજું સપનું જોવું એટલું જ જરૂરી છે અને એટલું જ જરૂરી છે એ સપનાનું જીવતું રહેવું.

સપનું મોટું કે નાનું હોવું જરૂરી નથી, પણ જરૂરી હોય છે સપનું હોવું - સપનું જોવું. બચ્ચનની જ વાત કરીએ તો નાનપણમાં એને એક્ટર બનવું એવું સપનું બિલકુલ નહોતું જોયેલું પણ એક ઉમરે જયારે એને એમ થયું કે આઈ વોન્ટ ટુ બી એક્ટર...બસ પછી જ એની સાચી જિંદગી શરુ થઈ, સ્ટ્રગલની, હતાશાની, અપમાનોની વચ્ચે જીવતા જીવતા એણે અંતે સફળતા રૂપી સપનું સાકાર કરી જ લીધું. મેરીકોમને ક્યાં બોક્ષિંગ સાથે પહેલો પ્રેમ હતો પણ એકવાર એણે ચેમ્પિયન બનવાનું સપનું આંખમાં આંજયું પછી બે છોકરાની માં બનવા છતાં અને લોકોની આ જીતશે જ નહિ એવી ધારણાઓ વચ્ચે પણ ચેમ્પિયન બની બતાવ્યું. કેમકે એ જીવતી હતી તો ફક્ત એ સપનાની સાથે. એ સપનું જ હતું જે એને જીંદા રાખતું હતું અને સફળતાની સીડીઓ ચડવા પ્રોત્સાહિત કરતુ હતું.

સપનાને આંખોમાં આંજીને જીવવાની અને પછી એ સપનાને સફળતામાં ફેરવવાની જે મજા છે એ ચાંદીની તાસકમાં ભેટ મળેલી રેડીમેડ સફળતાથી અનેક ગણી ચડિયાતી છે. મશહુર ટીવી શો થી દુનિયાભરમાં છવાઈ જનાર ઓરફ્રાહ વિન્ફ્રીને શરૂઆતમાં એક ટીવી ચેનલે એમ કહીને કાઢી મુકેલી કે તુ ટીવી માટે સાવ અનફીટ છો, ટીવી માં ચાલે જ નહી. હવે જુવો સપનાની તાકાત કે આજે એ જ ઓરફ્રાહ ટીવી જગતની સામ્રાજ્ઞી છે અને પોતાની ખુદની ટીવી ચેનલ ની માલીકન છે. મશહુર સિંગર એલ્વિસને એના શરૂઆતના દિવસોમાં એ જયાં પરફોર્મ કરતો હતો એ કલબના મેનેજરે પૂઠ પર લાત મારીને ક્લબની બહાર કાઢી મુકતા કહેલું કે બેટા તું સિંગર તો ઠીક બોલવામાં પણ ચાલે એવો નથી, તું સિંગર થવાના સપના જોવા છોડીને ક્યાંક ટ્રક ચલાવાવનો ધંધો શોધી લે. પણ જો એના કહ્યા પ્રમાણે એલ્વીસે ટ્રક ચલાવવાનું ચાલુ કરી દીધું હોત તો ? પણ ના, એલ્વીસની આંખમાં ચમકતું સિંગર થવાનું સપનું એને ટ્રક ડ્રાઈવર નહિ પણ મ્યુજિક લવર્સનો ડ્રાઈવર બનાવવા માટે જન્મેલું હતું - ચમકતું હતું. સપનાની હાકે હાકે એલ્વીસે એક પછી એક મુશ્કેલીઓ વટાવીને પણ સંગીત જગતમાં એનું નામ અમર કરી દીધું અને સાથે સાથે એના સપનાને સલામ પણ. કારણકે ટ્રક ડ્રાઈવર બનવું કે બીજો કોઈ ધંધો કરવો એ એનું જીવન નહોતું , એને પાક્કી ખબર હતી કે હું જીવું છું તો આ સપનાને સહારે જ , આ જ મારું જીવન છે, આને પૂરું કરવું જ જિંદગી છે અને જો એ છોડી દઉં તો હું મૃત છું , એક લાશ છું - જીવતી જાગતી લાશ.

કોઈએ સાચું જ કહ્યું છે કે નિષ્ફળતા વગર સફળતા નથી મળતી ઈનફેક્ટ આ નિષ્ફળતાઓ જ સફળતાના રસ્તા તરફ જતી પગદંડી બની જાય છે પણ શરત એટલી કે જે સફળતાનું સપનું લઈને તમે ચાલતા હો એ સપનાનો સાથ કદી નાં છૂટે. ઉલટાનું એ સપનું પૂરું કરવાની જીદ વધુને વધુ મજબુત થાય - નક્કોર થાય. પ્રિન્સ ઓફ કલકત્તા સૌરવ ગાંગુલીને ૧૯૯૨માં ટીમમાંથી પડતા મુકાયા પછી છેક ૪ વર્ષ પછી ફરીથી ટીમમાં પ્રવેશ મળેલો, પણ એ ચાર વર્ષોમાં એણે નેશનલ ટીમમાં રમવાના પોતાના સપનાને રણજી અને દુલીપ ટ્રોફીની મેચોમાં રનોના ઢગલા વડે જીવતું રાખેલું અને જેવો એ સપનાને સાકાર કરવાનો મોકો મળ્યો કે લોડ્ઝ પર ટેસ્ટ પ્રવેશે જ સદી ઠોકી દેતા ચુક્યો નહિ. સ્પોર્ટ્સમાં તો આવા અનેક દાખલારૂપ રમતવીરો છે કે જેમણે પોતાના સપનાને સાકાર કરવા અથાગ પરિશ્રમ તો કર્યો જ છે પણ મહત્વનું એ છે કે એ સપનું ગમે તેવી વિકટ પરીશ્થીતીમાં પણ જીવંત રાખ્યું છે.

ઘણા એવા સેલીબ્રીટીઓ છે કે જેમનું નામ ઈતિહાસના પન્નાઓ પર સુવર્ણ અક્ષરે લખાયું છે પણ એમાંથી બહુ ઓછા સેલીબ્રીટીઓ એવા છે કે જેમણે પ્રથમ પ્રયાસે જ સફળતા મેળવી હોઈ. આપણે આગળ જેની વાત કરી એ વોલ્ટ ડીઝનીને સફળતા મળ્યા પહેલા એક સમય એવો પણ આવેલો કે એમણે કુતરાઓ માટેનું ભોજન ખાઈને દિવસો પસાર કરવા પડેલા. તમને ખબર છે કે મહાન વિજ્ઞાની આઈન્સટાઈન ૪ વર્ષની ઉમર સુધી બોલી નહોતા શકતા અને ૭ વર્ષની ઉમર સુધી તો લખી પણ નહોતા શકતા. શાળામાં એમને બધા બુદ્ધિ વગરનો - બુડથલ જ ગણતા અને કહેતા કે આ સાવ ઠોઠ નિશાળીયો છે. માનસિક રીતે બીમાર ગણીને એમણે શાળામાંથી પણ કાઢી મુકાયેલા પણ અમુક ઉમર પછી આઈન્સટાઈન એ જોયેલા સપનાને પુરા કરવા એ આ બધી અડચણો ને પણ પાર કરી ગયા અને અંતે નોબેલ સહીત ફીઝીક્સની અનેક ઉપયોગી અને અપ્રિતમ શોધો એમના નામે લખાઈ.

આમીરખાન જો એની પ્રથમ ફિલ્મ હોલીની નિષ્ફળતા પછી પાછો પપ્પાની સાથે આસીસ્ટંટ બની ગયો હોત તો? આપણી માનવ સંશાધન પ્રધાન સ્મૃતિ ઈરાની મેકડોનાલ્ડની રેસ્ટોરન્ટમાં ફર્શ જ સાફ કરતી રહી હોત તો? આવડું મોટું ઓધોગિક સામ્રાજય ખડું કરનાર પનોતા ગુજરાતી ધીરુભાઈ એડનમાં નોકરો જ ટીચતા રહ્યા હોત તો? લીજેન્ડ બાસ્કેટબોલ પ્લેયર માઈકલ જોર્ડને સફળતાની સુંદર વ્યાખ્યા આપી છે. એ કહે છે કે મેં મારી કેરિયરમાં લગભગ ૯૦૦૦ શોટ્સ મિસ કરેલા, ૩૦૦ જેવી ગેમો હારેલો જેમાંથી ૨૩ જેટલી ગેમો એવી હતી કે મારે વિનિંગ બોલ બાસ્કેટ કરવાનો હતો અને હું નહોતો કરી શક્યો.હું ઘણી વાર નિષ્ફળ જતો રહ્યો અને એમાંથી જ સફળ થતો રહ્યો. અગેન આગળ વાતથ થઈ એ વોલ્ટ ડીઝની એના ડ્રીમ પ્રોજેક્ટ ડીઝની વર્લ્ડ માટે જયારે

● અનુસંધાન પાના - ૭ પર